

સારસની ભેટ

જાપાની લોકકથા





ઘણા સમય પહેલા, ઉત્તર જાપાનના પર્વતોમાં, એક વૃદ્ધ પતિ-પત્ની રહેતા હતા. તેઓ ખૂબ જ ગરીબ હતા, પરંતુ તેઓ સરળ, દયાળુ અને સારા લોકો હતા. આસપાસના દરેકને ખબર હતી કે તેઓ પ્રામાણિક હતા, એકબીજાને પ્રેમ કરતા હતા અને બધી જીવંત વસ્તુઓનો આદર કરતા હતા.

ભલે તે ખૂબ ખુશ હતા, છતાં પણ તેને ક્યારેક ખૂબ જ એકલતા અનુભવાતી હતી. તે પોતાના એકલા જીવન વિશે વિચારતા અને ઈચ્છતા કે તેને એક બાળક, એક પુત્રી હોય.

દરરોજ વૃદ્ધ માણસ પર્વતો પર જતો અને લાકડા એકત્રિત કરતો, જેને બાળીને કોલસા બનાવતો. મહિનામાં એક વાર તે શહેરમાં જતો અને તેણે બનાવેલા કોલસા વેચતો. આ રીતે તે પોતાનું અને તેની પત્નીનું ગુજરાન ચલાવતો.

જ્યારે શિયાળો આવ્યો, ત્યારે પર્વતો પર નરમ સફેદ બરફ પડ્યો, જે વૃદ્ધ દંપતીના ઘરની આસપાસ માઇલો સુધી ફેલાયેલો હતો. આકાશમાં કાળા વાદળો છવાઈ ગયા, જેનાથી ભૂતકાળની ઋતુઓના રંગો ઝાંખા પડી ગયા.

એક સાંજે, જ્યારે સખત ઠંડી હતી અને ભારે બરફ પડી રહ્યો હતો, અને પર્વતો પરથી ફૂંકાતો પવન વધુ ઠંડો અને તેજ ફૂંકાઈ રહ્યો હતો, ત્યારે વૃદ્ધ માણસ શહેરના લોકોને પોતાના કોલસા વેચીને શહેરમાંથી પાછો ફરી રહ્યો હતો. તે ખૂબ થાકી ગયો હતો. ઠંડીમાં ધ્રૂજતો, તે ધીમે ધીમે પર્વતીય માર્ગ પર ચાલ્યો જે તેના આરામદાયક ઘર અને તેની પત્ની તરફ દોરી જતો હતો. તેણે અચાનક મુશ્કેલી કે પીડામાં સપડાયેલા એક પક્ષીનો કઠોર અને દર્દનાક રડવાનો અવાજ સાંભળ્યો.

"આ અવાજ ક્યાંથી આવી રહ્યો છે?" વૃદ્ધે પોતાની જાતને કહ્યું.

તેણે સતત પડી રહેલા બરફમાંથી જોવાનો પ્રયાસ કર્યો. તેણે એક શિકારીનો ફાંદો જોયો, જેમાં એક સુંદર, સફેદ બગલું ફસાયેલું હતું. બગલું જેટલું છૂટવાનો પ્રયાસ કરતું હતું, તેટલો જ ફાંદો તેના પગની આસપાસ વધુ સજ્જડ થતો જતો હતો. વૃદ્ધ માણસ જોઈ શકતો હતો કે બગલું છટકી શકતું ન હતું.

"અરે, બિચારું પક્ષી! જો કોઈ તને આ રીતે જોશે, તો તેઓ ચોક્કસ તને પકડી લેશે અને તને લઈ જશે," વૃદ્ધ માણસે ધીમેથી કહ્યું, અને બગલા તરફ ચાલ્યો. પછી તે ઘૂંટણિયે પડ્યો અને ફાંદો ઢીલો કરવા લાગ્યો.



"ચિંતા ના કરો, હું મદદ કરવા આવ્યો છું. લાગે છે કે તમારા પગમાં ઈજા થઈ છે," વૃદ્ધે દયાળુ સ્વરે કહ્યું.

સારસ જાણે તે શું કહી રહ્યો હતો તે સમજી ગયું હોય, તેમ સ્થિર થઈ ગયું. તેને ખાતરી આપવા માટે, સારસે તેનું માથું વૃદ્ધ માણસના ચહેરા પર સ્પર્શ્યું અને આનંદ અને પ્રેમના અવાજો કરવા લાગ્યું.

જ્યારે સારસ ફાંદામાંથી મુક્ત થઈ ગયું, ત્યારે તેણે પાંખો ફફડાવી, આગળ દોડ્યું, અને પછી આકાશમાં ઉડાણ ભરી. આકાશમાં ઉડાણ ભર્યા પછી, તેણે એક વાર એની ડોક પાછળ ફેરવી, જાણે વૃદ્ધ માણસ પર એક છેલ્લી નજર નાખવા માટે. તેને જોઈને, સારસે મોટેથી અવાજ કર્યો.

"આભાર," વૃદ્ધ માણસને લાગ્યું કે આ તેના અવાજનો અર્થ હતો.

સારસે તેની ઉપર આકાશમાં ત્રણ વખત ચક્કર લગાવ્યા અને અંતે ઉડી ગયું . વૃદ્ધ માણસે લાંબા સમય સુધી સારસને જોયું. તે નાનું અને નાનું થતું ગયું અને દૂરના પર્વતો પર ગાયબ થઈ ગયું.

ભારે બરફ પડી રહ્યો હતો અને પવન જોરથી ફૂંકાઈ રહ્યો હતો, છતાં વૃદ્ધ માણસને મનમાં ખૂબ સારું લાગતું હતું.

"એક સારું કાર્ય કર્યા પછી લોકોને આવું જ લાગવું જોઈએ," તેણે વિચાર્યું. તે જાણતો હતો કે તેણે સારસનો જીવ બચાવીને એક સારું કાર્ય કર્યું છે. તેથી તે ખુશ હતો.


સાંજે, અગ્નિથી પોતાને ગરમ કરતી વખતે, વૃદ્ધ માણસે તેની પત્નીને કહ્યું કે તેણે દિવસ દરમિયાન એક સારું કામ કર્યું છે.

"તે સારસ ખૂબ ખુશ અને શાંત દેખાતું હતું," તેણે કહ્યું.

પછી તેઓ બેઠા અને શહેરમાં મળેલા લોકો અને તેણે પોતાનો દિવસ કેવી રીતે વિતાવ્યો તે વિશે વાત કરી. તે સૂવા જતો હતો ત્યારે તેને દરવાજો ખટખટાવવાનો અવાજ સંભળાયો.

"આટલી ભયાનક રાત્રે આપણા ઘરે કોણ આવી શકે?" વૃદ્ધ સ્ત્રીએ કહ્યું. "પતિ, જુઓ આ ઠંડી અને બરફીલી સાંજે કોણ આવ્યું છે."

વૃદ્ધ માણસે દરવાજા પાસે જઈને દરવાજો ખોલ્યો. ત્યાં એક સુંદર યુવતી ઉભેલી જોઈને તેને આશ્ચર્ય થયું. તેણે એક સુંદર સફેદ રેશમી કીમોનો પહેર્યો હતો. તેના લાંબા કાળા વાળ તેની કમર સુધી લટકતા હતા. તેની ત્વચા સફેદ ચિનાઈ માટીના વાસણ જેવી ચમકતી હતી.



"મને માફ કરશો કે હું તમને બધાને હમણાં પરેશાન કરી રહી છું," તેણીએ મીઠાશથી કહ્યું. "હું નજીકના શહેરમાં રહેતા મારા સંબંધીઓને મળવા જઈ રહી છું. પણ આ ભયંકર બરફના તોફાનમાં હું રસ્તો ભૂલી ગઈ હોય તેવું લાગે છે. શું તમે મને અહીં ફક્ત એક રાત રહેવા દેશો?"

જ્યારે તે દરવાજામાં ઉભી રહી, ત્યારે તેના હોઠ પર એક સૌમ્ય અને મધુર સ્મિત દેખાયું. વૃદ્ધ માણસ અને તેની પત્નીએ જોયું કે તે યુવતી ધ્રૂજી રહી હતી અને તેના નાજુક હાથ ધ્રૂજી રહ્યા હતા કારણ કે ઠંડી ખૂબ જ હતી.


"દીકરી, અંદર આવીને અગ્નિ પાસે બેસો અને પોતાને ગરમ કરો," વૃદ્ધ માણસે તેના પર દયા કરીને કહ્યું. "તું અમારી સાથે એક રાત રહી શકે છે."

"તમે ગમે ત્યાં સુધી અમારી સાથે રહી શકો છો," વૃદ્ધ સ્ત્રીએ મૈત્રીપૂર્ણ સ્વરે કહ્યું.

"તમારી મહેમાનગતિ કરવાની માયાળુ ઈચ્છા બદલ ખુબ ખુબ આભાર. શું હું ખરેખર અહીં ઈચ્છું ત્યાં સુધી રહી શકું?" યુવતીએ કપડાં પરથી બરફ ખંખેરતા અને પગ લૂછતા પૂછ્યું.

"હા, ચોક્કસ," વૃદ્ધ માણસે કહ્યું, "તમે ગમે ત્યાં સુધી અહીં રહી શકો છો."

"આવો, આગ પાસે તમારા કપડાં સૂકવી દો," તેની પત્નીએ કહ્યું. "આપણે સવારે આ વિશે વાત કરીશું, રાત્રે સારી ઊંઘ લીધા પછી." બીજા દિવસે એટલો બધો બરફ પડ્યો કે દરવાજો ખોલવો પણ અશક્ય હતો. પાંચ-છ દિવસ સુધી બરફ પડતો રહ્યો, અને તે યુવતી તેમની સાથે રહી, આ બધા સમયે તેમના આતિથ્યનો બદલો કેવી રીતે ચૂકવવો તે વિશે વિચારતી રહી.



"મારી પાસે તમારા માટે એક વિનંતી છે," યુવતીએ વૃદ્ધ દંપતિને કહ્યું.

તેણીએ બોલવાનું બંધ કરી દીધું. વૃદ્ધ દંપતિને યુવતી માટે દીકરી જેવું લાગવા લાગ્યું હતું. તેમણે તેણીને બોલવા માટે પ્રોત્સાહિત કરી.

"હા, મને કહો," તેણે કહ્યું. "અમે તમારા માટે શું કરી શકીએ?"

તેણીએ સમજાવ્યું કે તેણીએ તેના માતાપિતાને કેવી રીતે ગુમાવ્યા હતા. જે રાત્રે તેણીએ તેમનો દરવાજો ખટખટાવ્યો, તે રાત્રે તે નજીકના શહેરમાં સંબંધીઓને મળવા જઈ રહી હતી. પરંતુ બરફના તોફાનમાં તે રસ્તો ભૂલી ગઈ હતી.

પછી તેણીએ કહ્યું, "તેઓ મારા માતા-પિતાનું સ્થાન ક્યારેય લઈ શક્યા ન હોત જેમ તમે કર્યું છે. મેં ઘણા સારા કાર્યો કર્યા હશે જેના કારણે હું તમારા દરવાજે પહોંચી શકી. શું હું તમારી દીકરી તરીકે તમારી સાથે રહી શકું?"

"તમારા માતાપિતા વિના તમે કેટલા એકલા હશો," વૃદ્ધ દંપતીએ કહ્યું. "તમે ખૂબ જ સમજદાર અને દયાળુ યુવતી છો. જો તમે અમારી પુત્રી બનશો તો અમે બંને ખૂબ ખુશ થઈશું."

આ દયાળુ શબ્દો સાથે, તે યુવતી વૃદ્ધ દંપતી સાથે તેમની પુત્રીની જેમ રહેવા લાગી. તેણીને ખ્યાલ નહોતો કે તેના નિર્ણયથી તેમને કેટલો આનંદ થયો હશે.

જ્યારે શિયાળો પસાર થયો અને વસંત આવ્યો અને ચેરીના ઝાડ ખીલી ઉઠ્યા અને આખા વિસ્તારને ગુલાબી ફૂલોના સમૂહમાં પરિવર્તિત કરી દીધો, ત્યારે છોકરીએ વૃદ્ધ માણસને બીજી વિનંતી કરી.

"શું તમારી પાસે ઘરે સાળ (લૂમ) છે? મારે કાપડ વણવું છે."

"હા, અમારી પાસે છે," વૃદ્ધ માણસે કહ્યું. "આ એક લૂમ છે જે મારી પત્ની નાની હતી ત્યારે વણાટકામ કરતી હતી."

આટલું કહેતા, તે તેણીને તે રૂમમાં લઈ ગયો જ્યાં લૂમ રાખવામાં આવી હતી. ત્યાં રંગબેરંગી દોરાનાં રીલ્સથી ભરેલા ઘણા બોક્સ પણ હતા.

પછી તે યુવતીએ વૃદ્ધ માણસને કહ્યું, "મારે તમને એક મહત્વપૂર્ણ વિનંતી કરવી છે. તમારે વચન આપવું જોઈએ કે હું લૂમ પર કામ કરું ત્યાં સુધી તમે અને તમારી પત્ની આ રૂમનો દરવાજો ક્યારેય ખોલશો નહીં."

વૃદ્ધે વચન આપ્યું કે તે ક્યારેય તેનું કામ નહીં જુએ, પણ તેને લાગ્યું કે તે એક વિચિત્ર માંગ છે.

"કૃપા કરીને હવે દૂર જાઓ અને દરવાજો બંધ કરો," તેણે નમ્રતાથી કહ્યું.

તે યુવતી સવારથી મોડી રાત સુધી કામ કરતી હતી. તે ન તો આરામ કરતી હતી કે ન તો ખાતી હતી. બંધ દરવાજાની બીજી બાજુ, વૃદ્ધ માણસ અને તેની પત્નીએ લૂમનો લયબદ્ધ અવાજ સાંભળ્યો: ક્રીક, ટેપ, કલેક... ક્રીક, ટેપ, કલેક... ક્રીક, ટેપ, કલેક...

યુવતીએ વણાટ શરૂ કર્યાના ચાર દિવસ પછી, અચાનક લૂમનો અવાજ બંધ થઈ ગયો. વૃદ્ધ દંપતી શું થયું તે સમજી શકે તે પહેલાં, છોકરી દરવાજામાં દેખાઈ, તેના હાથમાં કાપડનો તાકો હતો.



"કેટલું સુંદર કાપડ!" તેઓએ એકસાથે કહ્યું. "અમે અમારા આખા લગ્ન જીવનમાં આટલું સુંદર કાપડ ક્યારેય જોયું નથી."

"મેં આ તમારા માટે ગૂંથ્યું છે," યુવતીએ કહ્યું. "કાલે તેને શહેરમાં લઈ જઈને વેચી દેજો. મને ખાતરી છે કે તમને સારા પૈસા મળશે."

બીજા દિવસે વૃદ્ધ માણસ શહેરમાં ગયો અને બૂમ પાડી, " કાપડ! કાપડ! મારું સુંદર કાપડ કોણ ખરીદવા માંગશે?"

વૃદ્ધ માણસ જેને પણ પોતાનું કાપડ બતાવતો તે તેની કારીગરી અને ગુણવત્તાથી આશ્ચર્યચકિત થઈ જતો.

એક નાગરિકે કાપડ જોયું અને કહ્યું, "સાહેબ, આ ફક્ત કાપડ નથી. આ બ્રોકેડ (કિનખાબ જેવું મોંઘું અને ભારે વણાટવાળું કાપડ) છે. મેં મારા જીવનમાં આટલું સુંદર બ્રોકેડ પહેલાં ક્યારેય જોયું નથી. ઓહ, આપણે તેને મહેલમાં લઈ જવું જોઈએ જેથી ઉમરાવ તેને જોઈ શકે."


ભવ્ય બ્રોકેડ જોઈને, ઉમરાવોએ કહ્યું, "આ ખરેખર સુંદર છે. હું આ કાપડમાંથી મારી દીકરી માટે એક અદ્ભુત કીમોનો બનાવી શકું છું. હું તે તમારી પાસેથી ખરીદવા માંગુ છું."

આ નમ્ર શબ્દો કહ્યા પછી, તેણે વૃદ્ધ માણસને ઘણા બધા સોનાના સિક્કા આપ્યા.

પછી તેણે કહ્યું, "સાહેબ, કૃપા કરીને ફરી આવો. તમારું કાપડ એટલું સુંદર છે કે તમે જે લાવશો તે બધું હું ખરીદી લઈશ ."

ઘરે પહોંચતાની સાથે જ વૃદ્ધે તેની પત્ની અને યુવતીને કહ્યું કે તેણે કેવી રીતે બધા કપડા સામંતને સારી કિંમતે વેચી દીધા હતા .





વસંત પછી ગ્રીષ્મ ઋતુ આવી ગઈ હતી. વર્ષાએ આસપાસની સમગ્ર ભૂમિ પર રંગ વિખેર્યા હતા, ક્યાંક વાદળી અને ગુલાબી ફૂલ હતા અને ક્યાંક ઘેરા લીલા અને જાંબલી રંગના ફૂલ ખીલ્યા હતા.

પણ તે યુવતીને ઋતુના આ પરિવર્તનની ખબર નહોતી, તે સવારથી મોડી રાત સુધી કામ કરતી હતી... બંધ દરવાજાની બીજી બાજુ. વૃદ્ધ માણસ અને તેની પત્નીને ફરીથી લૂમનો લયબદ્ધ અવાજ સંભળાયો... ક્રીક, ટેપ, કલેક... ક્રીક, ટેપ, કલેક... ક્રીક, ટેપ, કલેક...

તેમના મનમાં, વૃદ્ધ દંપતી છોકરીને રૂમની અંદર લૂમ પર કામ કરતી કલ્પના કરી શકતા હતા. તેમને અંદર જોવાની ઇચ્છા દબાવવી મુશ્કેલ લાગી. તેઓ તેને કામ પર જોવા માંગતા હતા, જાણવા માંગતા હતા કે તેણી આટલી સુંદર બ્રોકેડ કેવી રીતે વણતી હતી. પરંતુ વૃદ્ધ માણસને હંમેશા પોતાનું વચન યાદ રહેતું કે તે વણાટ કરતી વખતે અંદર નહીં જુએ.

ઘણા દિવસો પછી, તે રૂમમાંથી બહાર આવી. તે થાકેલી અને નબળી દેખાતી હતી. પણ તેના હાથમાં એક બ્રોકેડ હતું, જે તેણે છેલ્લી વખતે વણેલા કપડા કરતાં પણ વધુ સુંદર હતું. વૃદ્ધ માણસ તે કપડાને શહેરમાં લઈ ગયો અને સામંતને બતાવ્યું.

સામંત તે બ્રોકેડ જોઈને એટલા ખુશ થયા કે તેમણે પહેલા કરતાં વધુ પૈસા આપીને તે ખરીદ્યું.

વૃદ્ધ માણસ જઈ રહ્યો હતો ત્યારે સામંતે કહ્યું, "સાહેબ, ઉનાળાના અંતમાં મારી દીકરીના લગ્ન છે. શું તેના લગ્ન માટે ખાસ બ્રોકેડ કિમોનો બનાવી શકાય?" વૃદ્ધે ખુશીથી તેની વિનંતી સ્વીકારી.

વૃદ્ધ માણસ અને તેની પત્ની સામંત પાસેથી મળેલા પૈસાથી ધનવાન બન્યા. તેમનું જીવન પહેલા કરતાં વધુ આરામદાયક બન્યું. પરંતુ દરેક પસાર થતા દિવસ સાથે, તે યુવતી નબળી પડતી ગઈ. તેણી પાસે રહેલી શક્તિ ઓછી થતી ગઈ.

વૃદ્ધ માણસ છોકરી વિશે ચિંતિત થયો અને એક દિવસ તેણે તેને કહ્યું, "શું તું બીમાર છે? તું સવારથી રાત સુધી ખૂબ જ મહેનત કરે છે, કાપડ વણે છે. તારે થોડો આરામ કરવો જોઈએ."

"ઓહ, હું ઠીક છું," તેણીએ સ્મિત સાથે કહ્યું. "ખરેખર, હું ફક્ત થોડું વધારે કાપડ વણવા માંગુ છું. પણ મારે એક વિનંતી કરવી છે. મને ફરી એકવાર વચન આપો કે જ્યારે હું વણાટકામ કરી રહી હોઉં ત્યારે તમે અને તમારી પત્ની દરવાજો ખોલશો નહીં."

વૃદ્ધે ફરી એકવાર વચન આપ્યું કે તે કામ કરતી વખતે તેને ખલેલ પહોંચાડશે નહીં. પરંતુ, ગયા વખતની જેમ, તેને લાગ્યું કે આ એક ખૂબ જ વિચિત્ર માંગ છે.



તે રાત્રે, જ્યારે વૃદ્ધ માણસ અને તેની પત્ની અગ્નિ પાસે બેઠા હતા, ત્યારે વૃદ્ધ માણસે યુવતીના સ્વાસ્થ્ય વિશે ચિંતા વ્યક્ત કરી.

"મને પણ તેની ચિંતા છે," તેની પત્નીએ કહ્યું. "બસ લૂમનો અવાજ સાંભળો. એવું લાગે છે કે લૂમ કહી રહ્યું છે, 'આ કામ અધરું છે! આ કામ અધરું છે!'" રૂમની નજીક આવતાં તેણે કહ્યું, "શું હું અંદર જોઈ શકું?"

"ના," વૃદ્ધે કહ્યું. "યાદ છે મેં તેને ફરીથી વચન આપ્યું હતું કે તે કામ કરતી વખતે આપણે અંદર નહીં જોઈએ."

પણ તેની પત્નીએ આગ્રહ કર્યો, "હું ફક્ત એક ઝલક જોઈશ. તેને ખબર પણ નહીં પડે."

આટલું કહીને, તે બહાર નીકળી અને બારી સહેજ ખોલી. અંદર જોતાં, તેણે આશ્ચર્યનો એક નાનો અવાજ કર્યો.

"શું વાત છે?" વૃદ્ધ માણસે ઝડપથી તેની પાસે આવતા પૂછ્યું. "તમે શું જોયું?"

"આ એક ..." પત્નીએ કહ્યું પણ વાક્ય પૂરું કરી શકી નહીં.

વૃદ્ધ માણસે અંદર જોયું ત્યારે તે પણ અવાચક થઈ ગયો. કારણ કે અંદર, લૂમ પાસે જ્યાં છોકરી હોવી જોઈતી હતી, ત્યાં એક સુંદર સફેદ સારસ હતું. તેઓ જોતા હતા, અને સારસે તેનું માથું નમાવ્યું, તેની ચાંચથી તેના શરીરમાંથી એક પીંછું ખેંચ્યું, અને કાળજીપૂર્વક તેને કાપડમાં વણ્યું.

"આ યુવતી તો એક સારસ છે," વૃદ્ધે ધીમેથી કહ્યું. "જુઓ! તે સુંદર કાપડ વણવા માટે તેના પીંછાનો ઉપયોગ કરી રહ્યું છે. તમે તેના શરીર પર ખાલી જગ્યાઓ જોઈ શકો છો જ્યાંથી તેણે તેના પીંછા ખેંચી નાખ્યા છે."

વૃદ્ધ માણસ અને તેની પત્નીએ શાંતિથી બારી બંધ કરી અને કોઈ અવાજ કર્યા વિના બહાર નીકળી ગયા. તેમણે હમણાં જે જોયું તેનાથી તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા.





બીજા દિવસે સાંજે, તે યુવતી તેના રૂમમાંથી બહાર આવી, તે ખૂબ જ થાકેલી અને નબળી દેખાતી હતી. પણ તેના હાથમાં એક સુંદર બ્રોકેડ હતું.

"કૃપા કરીને આને તમારા માટે મારા પ્રેમ અને સ્નેહની છેલ્લી ભેટ તરીકે સ્વીકારો," વૃદ્ધ દંપતિની સામે બેસતા તેણે કહ્યું. "જેમ સામંતે તમને કહ્યું હતું, તેમની પુત્રીના લગ્નના કીમોનો માટે, મેં આ જરીનું વસ્ત્ર વણ્યું છે.

વૃદ્ધ માણસ અને તેની પત્ની સ્તબ્ધ થઈ ગયા. તેમને ગઈ રાત્રે જોયેલા દ્રશ્યની યાદ આવી ગઈ.

છોકરીએ આગળ કહ્યું, "છેલ્લા કેટલાક મહિનામાં તમે મારા માટે જે કંઈ કર્યું છે તેના માટે હું તમારો આભાર માનવા માંગુ છું, કારણ કે હવે મારા પરિવાર પાસે પાછા ફરવાનો સમય આવી ગયો છે."

વૃદ્ધ માણસની આંખોમાં આંસુ આવી ગયા. તેણે તેની પત્ની તરફ ફરીને જોયું કે તે પણ રડી રહી હતી.

"સાહેબ," યુવતીએ તેનો હાથ પકડીને તેને દિલાસો આપતા કહ્યું. "હું એ જ સારસ છું જેને તમે તે બરફીલી રાત્રે ફાંદામાંથી બચાવ્યું હતું. હું કોઈ રીતે મારો આભાર વ્યક્ત કરવા માંગતી હતી. તેથી જ મેં એક યુવતીનું રૂપ ધારણ કર્યું. મેં તમને મદદ કરવા માટે બ્રોકેડ વણ્યું. પણ ગઈકાલે રાત્રે તમે બંનેએ તમારા વચન તોડ્યા અને મારું રહસ્ય શોધી કાઢ્યું. હવે શિયાળો આવે તે પહેલાં મારે દક્ષિણ તરફ જવું પડશે."

યુવતીએ ઉદાસ થઈને વૃદ્ધ દંપતી તરફ પાછળ જોયું અને ઘરની બહાર દોડી ગઈ. દોડતી વખતે, તેણીએ તેના હાથ પહોળા કર્યા અને તરત જ સફેદ સારસ બની ગઈ. તેણીએ તેની પાંખો ફફડાવી અને આકાશમાં ઉડાન ભરી.


"ગુડબાય અને તમારી બધી મદદ બદલ આભાર," વૃદ્ધ માણસ અને તેની પત્નીએ બૂમ પાડી.

સારસે તેના માથા ઉપર ત્રણ વાર ચક્કર માર્યા. અને જેમ તેણે તે શિયાળાની સાંજે કર્યું હતું તેમ, તેણે છેલ્લી વાર તેમને જોવા માટે પાછળ ફરીને જોયું. આમ કરતી વખતે, તેણે જોરથી અવાજ કર્યો.

"ગુડબાય અને આભાર," બંનેને લાગ્યું કે એનો અર્થ એવો છે.

તેણે તેને જતું જોયું. તે નાનું અને નાનું થતું ગયું, અને ધીમે ધીમે સાંજના આકાશની લાલાશમાં અદૃશ્ય થઈ ગયું.





સમય વીતતો ગયો. ગ્રીષ્મના રંગો શરદ ઋતુના સ્નેહભર્યા નરમ રંગોમાં બદલાઈ ગયા, હવા સ્વચ્છ અને નિર્મળ થઈ ગઈ, લણણી માટે પાક તૈયાર થઈ રહ્યો હતો, પક્ષીઓ દક્ષિણ તરફ સ્થળાંતર કરી રહ્યા હતા. સાંજે , વૃદ્ધ માણસ અને તેની પત્નીએ આકાશ તરફ જોયું. તેઓએ એક એકલું સારસ ઉપર ઉડતા જોયું. તેઓ વિચારવા લાગ્યા કે શું આ સારસ તે યુવતી છે જે તેમની સાથે હતી...

સમાપ્ત

